**ગંદા હૈ પર ધંધા હૈ જેવો હોસ્પિટલોનો ખેલ, દર્દીઓના આરોગ્ય સાથે ચેડાં**

# જામનગરની JCC હાર્ટ ઈન્સ્ટિટયૂટમાં જરૂર વિના સર્જરી!

**હોસ્પિટલને** "પી.એમ.જે.એ.વાય.-મા" યોજનાની કામગીરીમાંથી સસ્પેન્ડ કરી દેવામાં આવી

**હોસ્પિટલને** કુલ ૧૦૫ કાર્ડિયાક પ્રોસીજરમાં ગેરરીતિ બદલ રૂ. ૬ લાખથી વધુનો દંડ અને ડો.પાર્શ્વ વ્હોરાને સસ્પેન્ડ કરાયા

**262 કેસની** તપાસ દરમિયાન 53 કેસમાં વિસંગતતા જોવા મળી




ગાંધીનગરઃ રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા સરકારી યોજનામાં ગેરરીતિ આચરતી હોસ્પિટલો સામે સતત કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. જે અંતર્ગત જામનગરની JCC હાર્ટ ઈન્સ્ટીટ્યુટમાં "પી.એમ.જે.એ.વાય.-મા" યોજનાની માર્ગદર્શિકાનું પાલન થતું ન હોવાથી અને ગેરરીતિ આચરતી હોવાથી આ યોજનાની કામગીરીમાંથી સસ્પેન્ડ કરવામાં આવી છે. આ હોસ્પિટલને કુલ ૧૦૫ કાર્ડિયાક પ્રોસીઝરમાં ગેરરીતિ બદલ રૂ. ૬ લાખથી વધુનો દંડ પણ કરવામાં આવ્યો છે.

આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, પી.એમ.જે.એ.વાય.-મા યોજના ગરીબ અને જરૂરિયાતમંદ નાગરિકો માટે આશીર્વાદ સમાન છે, તેથી કોઈપણ પ્રકારની ગેરરીતિ કે માનવતા વિરોધી બેદરકારી સહન કરવામાં નહીં આવે. જામનગરની JCC હાર્ટ ઈન્સ્ટીટ્યુટના ડો.પાર્શ્વ વ્હોરા (G-28538) દ્વારા કાર્ડિયોલોજી અને કાર્ડિઓવાસ્ક્યુલર થોરાસિક સર્જરીમાં કરવામાં આવતી ક્ષતિના કારણે તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ હોસ્પિટલ દ્વારા PMJAYના બે કેસમાં લેબોરેટરી રિપોર્ટમાં અને ૧ કેસમાં ECG રિપોર્ટમાં છેડછાડ કરી લાભાર્થીઓને કાર્ડિયાક પ્રોસીજરની જરૂરિયાત હોવાનું દર્શાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત રાજ્યકક્ષાએથી આ હોસ્પિટલ દ્વારા કરવામાં આવેલા ૨૬૨ કેસની વધુ તપાસ કરાવતા ૫૩ કેસમાં વિસંગતતા જોવા મળી હતી. જેમાં જરૂર ના હોય તેવા કેસમાં પણ કાર્ડિયાક પ્રોસીજર કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

### પાલનપુર અને જુનાગઢની બે હોસ્પિટલને 50-50 હજારનો દંડ ફટકારાયો

આકસ્મિક નિરીક્ષણ દરમિયાન યોજનાની માર્ગદર્શિકાનું પાલન ન થતું હોવાનું જણાતાં રાજ્યની બે ખાનગી હોસ્પિટલને દંડ કરીને તાકીદ કરવામાં આવી છે. આ હોસ્પિટલો પૈકી પાલનપુરની સદભાવના હોસ્પિટલમાં એમ્પેનલ્ડ ડોક્ટર સિવાયના ડોક્ટર દ્વારા સર્જરી કરવામાં આવતા અને જૂનાગઢની સમન્વય હોસ્પિટલને નિયત કરેલ પેકેજ કરતાં વધુ રૂપિયાની લાલચે અન્ય પેકેજ બૂક કરવા બદલ રૂ. ૫૦-૫૦ હજારનો દંડ કરવામાં આવ્યો છે.

# 'અમદાવાદ ઇન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ' 2025નો શુભારંભ

**ફૂડ** ફોર થોડ ફેસ્ટ 2025નો પણ પ્રારંભ, મુખ્યમંત્રીના હસ્તે બેરિસ્ટર મિસ્ટર પટેલ પુસ્તકનું વિમોચન



અમદાવાદઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે "અમદાવાદ ઇન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ 2025" તથા "ફૂડ ફોર થોટ ફેસ્ટ 2025"નો ભવ્ય શુભારંભ થયો છે. આ પ્રસંગે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન સહિતના ઉપસ્થિત મહાનુભાવોએ સ્વદેશી અપનાવવાના શપથ ગ્રહણ કર્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે "મિશન ફોર મિલિયન ટ્રીઝ" કોફી ટેબલ બૂકનું અનાવરણ કરી વિવિધ શૈક્ષણિક અને સાહિત્યિક ઝોન તેમજ નેશનલ બુક ટ્રસ્ટ ઓફ ઇન્ડિયાના સ્ટોલની પણ મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રીએ કેનવાસ પર સહી કરી ગુજરાતમાં અમદાવાદ શહેર કોમનવેલ્થ ગેમ 2030 માટે તૈયાર છે, તેને ગૌરવ પૂર્ણ ક્ષણ ગણાવી હતી.

આ પ્રસંગે ભારતીય-અમેરિકન લેખકે ભારતના લોખંડી પુરુષ અને રાષ્ટ્રીય એકતાના શિલ્પી એવા શ્રી સરદાર વલ્લભભાઇ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે તેમનું પ્રથમ પુસ્તક "બેરિસ્ટર મિસ્ટર પટેલ" પ્રકાશિત કર્યું છે, જેનું ભૂપેન્દ્ર પટેલના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.

# કાલે મોદી સાગબારાના દેવમોગરામાં આદિવાસી કુળદેવીના દર્શન કરશે

**આદિજાતિ** સમાજના જનનાયક ભગવાન બિરસા મુંડાની 150મી જન્મજયંતી અંતર્ગત વડાપ્રધાનનો કાર્યક્રમ



ગાંધીનગરઃ દેશભરમાં આદિજાતિ સમાજના જનનાયક ભગવાન બિરસા મુંડાની 150મી જન્મજયંતીની ભવ્ય ઉજવણી થઈ રહી છે. 15 નવેમ્બરને 'જનજાતીય ગૌરવ દિવસ' તરીકે ઉજવવાનો નિર્ણય કર્યો છે, ત્યારે આ વર્ષે જનજાતીય ગૌરવ દિવસની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં ગુજરાત રાજ્યના નર્મદા જિલ્લાના ડેડિયાપાડા ખાતે થશે. નર્મદા જિલ્લાની મુલાકાત દરમ્યાન વડાપ્રધાન પ્રસિદ્ધ યાહામોગી માતાના દેવમોગરા ધામ ખાતે માતાજીના દર્શન કરશે.

સાગબારા તાલુકાના દેવમોગરા ખાતે આદિજાતિઓના કુળદેવી પાંડોરી માતા (યાહામોગી)નું મંદિર છે. સાતપુડાની ગીરીકંદરાઓમાં પ્રકૃતિના ખોળે વસેલા આ ધામમાં સ્વયંભૂ યાહા પાંડોરી દેવમોગરા માતા આદિ-અનાદિ કાળથી સ્વયં કણી-કંસરી બિરાજમાન છે. અહીં ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને રાજસ્થાનનાં આદિજાતિ સમુદાયના લોકો યાહામોગી પાંડોરીની કુળદેવી તરીકે અપાર શ્રદ્ધા-આસ્થા અને ભક્તિ સાથે પૂજા અર્ચના કરે છે. આ પવિત્ર હેલાદાબની આદિ-અનાદિ કાળથી ખૂબ અનેરો મહિમા રહ્યો છે.

### દેવમોગરા ધામ- આદિજાતિ સમાજની આસ્થા, પરંપરા અને સંસ્કૃતિનું જીવંત પ્રતીક

આદિજાતિ સમુદાય હજારો વર્ષોથી તેમની અનોખી પરંપરાનું પાલન કરે છે, જેમાં તેઓ સંપૂર્ણ શ્રદ્ધા સાથે નવા પાકને વાંસની ટોપલીમાં મૂકે છે અને શાકભાજી, પૂજાનાં સામાનની હિરી (હિજારી) બાંધી માથા પર મૂકીને રંગબેરંગી વસ્ત્રો અને મહિલાઓ સોના-ચાંદીના ઘરેણામાં સજ્જ થઈ વાજતેગાજતે હોબ યાત્રા પર નીકળે છે. સવા મહિનાના વ્રત-ઉપાસના કરીને યાહા પાંડોરી દેવમોગરાનાં ચરણોમાં ધાન્ય-અન્નને શ્રદ્ધા સાથે અર્પણ કરે છે અને પછી નવા ધાન્યને આરોગવામાં આવે છે. આમ, દેવમોગરા ધામ એ ફક્ત એક સ્થાનક જ નથી, પરંતુ આદિજાતિ સમાજની આસ્થા, પરંપરા અને સંસ્કૃતિનું જીવંત પ્રતીક છે. સ્થાનિક પ્રદેશના ઘેરીયાઓ હોળી-ધૂળેટીના તહેવાર દરમ્યાન સવા મહિનો ઘરની બહાર નીકળી જઈને ઘરે-ઘરે ફરી ઘેરીયા બને છે અને નવ રસના શ્રૃંગાર સાથે મન મૂકીને નાચગાન કરે છે. હોળીના આગલા દિવસે હોળી ચોક ખાતે હોળી પ્રગટાવીને નાચ-ગાન વાજિંત્રો સાથે પરંપરાગત વેશભૂષામાં સજ્જ બની મહિલાઓ પણ હોળીના લોલે (ગીત) ગાઈને આનંદ ઉત્સવ મનાવે છે.

# ખેડૂતોને દેવામાફી નહીં અપાશે તો આંદોલન ઉગ્ર બનાવાશે

**ખેડૂત** આક્રોશ યાત્રા દરમિયાન કોંગ્રેસી આગેવાનોનો સરકારને પડકાર, હવે સરકાર બદલવાનો સમય થઈ ગયો છે : ડો.તુષાર ચૌધરી

અમદાવાદઃ ગુજરાતના ખેડૂતોની સમસ્યાઓને વાચા આપવા પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા ગત 6 નવેમ્બરથી સોમનાથથી શરુ થયેલી ખેડૂત આક્રોશ યાત્રા આજે જામનગર જિલ્લાના રાવલ ખાતે પહોંચી હતી. જ્યાં પ્રદેશ કોંગ્રેસ પ્રભારી મુકુલ વાસનિકે જણાવ્યું કે સરકાર હજુ કુંભકર્ણની નિંદ્રામાં છે, તેઓ ઊંઘમાંથી નહીં જાગે અને ખેડૂતોના પ્રશ્નોનું નિરાકરણ લાવવા તથા દેવા માફી અંગે યોગ્ય નિર્ણય નહીં લે, તો આંદોલન અટકશે નહીં. કોંગ્રેસની આ લડત ચાલુ રહેશે અને આગામી દિવસોમાં આ આંદોલન વધુ તીવ્ર બનશે.વિધાનસભામાં કોગ્રેસ પક્ષના નેતા ડૉ. તુષાર ચૌધરીએ જણાવ્યું કે ખેડૂતની એક જ ઈચ્છા છે અમારું દેવું માફ કરો. જો સરકાર પાસે ઈચ્છાશક્તિ હોય તો બધું શક્ય બને. આજે ખેડૂતો રડી રહ્યા છે, આત્મહત્યાના માર્ગે જઈ રહ્યા છે, પણ ભાજપ સરકાર આંખ મીંચીને બેસી છે, તેથી હવે સમય આવી ગયો છે કે હાલની સરકાર બદલી નાંખવી જોઈએ. વિધાનસભામાં ભલે ફક્ત 12 ધારાસભ્ય છીએ, પરંતુ આ 12 એવા ધારાસભ્યો છીએ કે સરકારના 12 વગાડી દેશે. આ યાત્રા ભલે અહીં પૂરી થાય, પણ આ લડાઈને હવે ગાંધીનગર સુધી લઈ જઈશું.

પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિતભાઈ ચાવડાએ જણાવ્યું કે સરકારે 10 હજાર કરોડ રૂપિયાના પેકેજની જાહેરાત કરી, પરંતુ હકીકતમાં ખેડૂતને પેકેજના નામે પડીકું આપ્યું છે. પેકેજથી ખેડૂતને વિંઘે ફક્ત 3500 રૂપિયા મળશે, ત્યારે ખેડુત આત્મહત્યા ન કરે તો શું કરે? ગુજરાતના 50 લાખથી વધુ ખેડૂતોએ દોઢ લાખ કરોડ રૂપિયાની લોન લીધી છે, એટલે કે એક ખેડૂતના માથે 56 હજાર રૂપિયાનું દેવું છે. માવઠાના કારણે આખો પાક બરબાદ થઈ જાય અને એની સામે વિધે ફક્ત 3500 રૂપિયા મળે તો એ ખેડૂતનો ઉપહાસ છે. સરકાર ઉદ્યોગપતિઓના કરોડો રૂપિયા માફ કરી શકે છે, પરંતુ ખેડૂતોના દેવા માફ કરવા માટે તૈયાર નથી. ઉદ્યોગપતિઓ માટે તિજોરી ખુલ્લી છે, પરંતુ ખેડૂતો માટે કેમ નહિ? માવઠાના નુકસાન પછી ખેડૂતો આશા રાખી રહ્યા હતા કે સરકાર મદદ કરશે, પરંતુ સરકારે મદદની જગ્યાએ ફક્ત ફોટોગ્રાફી કરી અને પેકેજના નામે પડિકું આપ્યું.આ જુઠ્ઠું બોલવાવાળી, દંભી સરકાર છે.

# પ્રાકૃતિક કૃષિથી ઉત્પાદનમાં ઘટાડો થતો નથી, જમીન સુધરે છે

**કૃષિ** કામગીરી અંગે યોજાયેલી બેઠકમાં રાજ્યપાલ તારણો રજૂ કર્યા, પ્રાકૃતિક કૃષિને માનવ જીવનમાં સકારાત્મક બદલાવ લાવનારી ગણાવી

ગાંધીનગરઃ પ્રાકૃતિક કૃષિ એ માનવ જીવનમાં સકારાત્મક બદલાવ લાવનારી કૃષિ સંસ્કૃતિ સમાન છે. પ્રાકૃતિક કૃષિને લગતા વિવિધ આયામો પર રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા ઝીણવટ પૂર્વક સંશોધનો થઈ રહ્યા છે, જેના અત્યાર સુધીમાં આવેલા તારણોએ સાબિત કર્યુ છે કે, પ્રાકૃતિક કૃષિથી ઉત્પાદનમાં ઘટાડો થતો નથી. તેમજ જમીન અને પર્યાવરણની ગુણવત્તામાં સુધારો થાય છે, તેવું રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ જણાવ્યું હતું. રાજ્યમાં પ્રાકૃતિક કૃષિ સંદર્ભે થઈ રહેલી કામગીરીની સમીક્ષા કરવા ગાંધીનગરમાં રાજભવન ખાતે રાજ્યકક્ષાની મહત્વની બેઠકમાં આચાર્ય દેવવ્રતએ વધુમાં જણાવ્યું હતુ કે, ગ્રામ્ય સ્તરે પ્રાકૃતિક કૃષિનો ફેલાવો થાય અને વધુને વધુ ખેડૂતો તાલીમ લઈ અને પ્રાકૃતિક કૃષિ તરફ વળે તેવા પ્રયાસોને રાજ્ય સરકાર પ્રોત્સાહન આપી રહી છે. જેના પરિણામ સ્વરૂપે પ્રાકૃતિક કૃષિ પેદાશોનું વેચાણ પણ વધી રહ્યુ છે. જો કે તેના માટે ગ્રાહકોનો વિશ્વાસ જળવાઈ રહે તે માટે પ્રાકૃતિક કૃષિના ખેત પેદાશોના યોગ્ય સર્ટિફિકેશનની વ્યવસ્થા ગોઠવવા પણ રાજ્યપાલએ સૂચન કર્યું હતું.

પ્રાકૃતિક કૃષિના આધારસ્તંભ સમાન દેશી ગાયોની સંખ્યામાં વધારો કરવા અને તેમની નસલમાં સુધારો કરવા માટે રાજ્યપાલશ્રીએ સૂચનો આપ્યા હતા. તેમણે રાજ્યભરમાં સેક્સડ સોર્ટેડ સિમેન સરળતાથી મળી રહે તે અંગે યોગ્ય વ્યવસ્થા કરવા સૂચવ્યું હતું. આ ઉપરાંત સ્થાનિક સ્તરે સોશિયલ મીડિયા, અખબારો, ખેડૂતોની સાફલ્ય ગાથા અને પ્રગતિશીલ ખેડૂતોના ખેતરોનું પ્રત્યક્ષ નિદર્શન દ્વારા પ્રચાર-પ્રસાર વધારવા પર ભાર મૂક્યો હતો.

# ત્રિ-સર્વિસિસ એક્સરસાઇઝ "ત્રિશૂલ-2025" સફળતાપૂર્વક પૂર્ણ

**ગુજરાતના** સાગરકાંઠે અરબી સમુદ્રમાં નૌકાદળનું એમ્ફિબિયસ ઓપરેશન્સ અદ્ભૂત, ત્રણેય સેનાઓની સંકલિત ક્ષમતાનું પ્રભાવશાળી પ્રદર્શન

**રણ** અને ક્રીક વિસ્તાર સહિત રાજસ્થાન અને ગુજરાતના સરહદી પ્રદેશોમાં સેનાની ત્રણેય પાંખનાં સફળ ઓપરેશન્સ

ગાંધીનગરઃ ભારતીય સશસ્ત્ર દળોની સંકલિત તાકાત અને સંયુક્ત કામગીરીની તૈયારીઓને પરખતી ત્રિ-સર્વિસિસ એક્સરસાઈઝ "ત્રિશૂલ-2025" નો સફળ પ્રયોગ નવેમ્બરની શરૂઆતમાં યોજાયો. ભારતીય નૌકાદળની આગેવાની હેઠળ યોજાયેલી આ ભવ્ય સંયુક્ત કવાયત ભારતીય સેના અને વાયુસેનાની ભાગીદારી સાથે રાષ્ટ્રીય સુરક્ષાના વિવિધ મોરચાઓ પર યોજાઈ હતી.

આ અભ્યાસક્રમમાં પશ્ચિમ નૌકાકમાન, દક્ષિણ કમાન્ડ (ભારતીય સેના) અને દક્ષિણ પશ્ચિમ વાયુકમાન (ભારતીય વાયુસેના)એ મુખ્ય ભૂમિકા ભજવી હતી. રણ અને ક્રીક વિસ્તાર સહિત રાજસ્થાન અને ગુજરાતના સરહદી પ્રદેશોમાં જમીન અને આકાશ બંને મોરચાઓ પર વિશાળ પ્રમાણમાં સંયુક્ત ઓપરેશન્સ હાથ ધરાયા હતા.

ગુજરાતના સાગરકાંઠે અરબી સમુદ્રમાં નૌકાદળની ઍમ્ફિબિયસ ઓપરેશન્સ સાથે આ કવાયત સમુદ્રી રક્ષણ ક્ષેત્રે પણ નોંધપાત્ર રહી. ભારતીય કોસ્ટ ગાર્ડ, બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF) તથા અન્ય કેન્દ્રીય એજન્સીઓએ પણ ભાગ લીધો હતો, જેના પરિણામે આંતર-એજન્સી સમન્વય અને સંયુક્ત કાર્યક્ષમતામાં વધારો થયેલો જોવા મળ્યો છે. આ કવાયતનો મુખ્ય હેતુ ત્રણેય દળો વચ્ચે ઓપરેશન હાથ ધરવાની તૈયારી (synergy) વધારવાનો, સંયુક્ત ઈન્ટેલિજન્સ-સર્વેલન્સ-રીકોનિસન્સ (ISR) સિસ્ટમોની સમીક્ષા કરવાનો અને ઈલેક્ટ્રોનિક તેમજ સાયબર વૉરફેર ક્ષેત્રે ત્રિ-સેનાની એકીકૃત પ્રક્રિયાઓને માન્ય કરવા કરવાનો હતો."ત્રિશૂલ-2025" દરમિયાન ભારતીય નૌકાદળના એરક્રાફ્ટ કેરિયર ઓપરેશન્સ અને વાયુસેનાના શોર-બેઝ્ડ એસેટ્સ વચ્ચે સંયુક્ત તાલીમ યોજાઈ. આ દ્વારા બંને દળો વચ્ચેની હવામાં સંકલિત કામગીરી માટેની સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOPs) નું મૂલ્યાંકન અને સુધારણા કરવામાં આવી હતી.

અભ્યાસ દરમ્યાન "આત્મનિર્ભર ભારત"ના મંત્રને ધ્યાનમાં રાખીને સ્વદેશી સિસ્ટમ્સ અને ટેકનોલોજીનો સફળ ઉપયોગ કરવામાં આવ્યો. ઉદયમાન ખતરાઓ અને ભવિષ્યના યુદ્ધના બદલાતા સ્વરૂપને ધ્યાનમાં રાખી નવી ટેક્નિક્સ અને પ્રોસિજરને પણ પરખવામાં આવી હતી.ત્રણેય દળોની સંયુક્ત કવાયતના સફળ આયોજન દ્વારા ભારતની રાષ્ટ્રીય સુરક્ષા તૈયારીઓ અને સંકલિત પ્રતિભાવ ક્ષમતા વધુ મજબૂત બની છે. આ સાથે "ત્રિશૂલ-2025" એ સાબિત કર્યું છે કે ભારતીય સેના, નૌકાદળ અને વાયુસેના એકસાથે એકીકૃત રીતે કાર્ય કરવાની તાકાત ધરાવે છે – જે રાષ્ટ્રની રક્ષા માટેની સંકલિત પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે.

## સુડોકુ ૬૩૭૦ - 'કૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૧ | | ૬ | ૨ | ૮ | | ૩ | ૭ |
| ૩ | ૭ | | ૪ | ૫ | ૧ | ૨ | ૬ | ૯ |
| | | ૫ | ૯ | | ૭ | | ૧ | ૪ |
| | ૮ | | | | | | | ૫ |
| | | | ૮ | ૭ | | ૪ | ૨ | ૧ |
| ૪ | ૨ | | ૫ | | ૯ | | | ૩ |
| ૭ | ૫ | | ૨ | ૬ | | | ૪ | |
| | | | ૧ | ૯ | | | | |
| | | ૯ | | ૮ | | | ૫ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

(સુડોકુ ઉકેલ — ઊંધું છાપેલું) [illegible]

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### યકૃતની કાળજી

ખોરાકમાં ફળ, ફળોના રસ લેવા. રોજ સવારે ગાજરનો રસ 100 મીલી અને પાલકનો રસ 50 મીલી પીવો. બપોરે દૂધીનો રસ 100 મીલી પીવો. રસમા મરી, તુલસી, ફુદીનો સિંધવ ઉમેરી શકાય.

### 247 કરોડના સાયબર ફ્રોડ મામલે બનાસકાંઠાથી બેની ધરપકડ

ગાંધીનગરઃ 247 કરોડના સાયબર ફ્રોડ મામલે રાજ્યની સીઆઈડી ક્રાઈમની ટીમે બે આરોપીની ધરપકડ કરી દુબઈમાં બેઠેલા સૂત્રધારની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

સ્ટેટ સીઆઈડી ક્રાઈમના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ 247 કરોડના સાયબર ફ્રોડ કેસ મામલે બનાસકાંઠામાંથી આરોપી દિલીપ શંકરભાઈ ચૌધરી અને શૈલેષ શંકરભાઈ ચૌધરીની ધરપકડ કરી તેમની પાસેથી 5 લાખ રોકડા અને 3 મોબાઈલ જપ્ત કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## આજનું પંચાંગ

**તા. 14/11/2025, શુક્રવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1947
**વીર સંવત :** 2552 **માસ :** કારતક :
**તિથિઃ** વદ : દસમ : 24:50
**રાષ્ટ્રિય દિનાંક :** કારતક : 23
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** હેમંત
**નક્ષત્ર :** પૂ. ફા.:- 21:20 **યોગ :** વૈધૃતિ **કરણઃ** વણિજ
**રાશિઃ** સિંહ (મ.ટ.) 27:53 પછી કન્યા (પ.ઠ.ણ)
**દિવસ :** અશુભ - બાલદિન નહેરુ જયંતી-બુધ પશ્ચિમમાં અસ્ત.
**સુરતમાં સૂર્યોદય :** 06:50
**સુરતમાં સૂર્યાસ્ત :** 17:57 **નવકારસી :** 07:38
**પારસી વર્ષ :** 1395, તીર માસનો 02જો રોજ
**મુસલમાન વર્ષ :** 1447, જમાદીઉલ અવલ માસનો 22મો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ
**રાત્રિનાં ચોઘડિયાંઃ** રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ
**રાહુ કાળ :** સવારે 10:30 થી 12:00 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** મોજ-શોખ, પ્રવાસ, ટયુશન, ગારમેન્ટસ વગેરેના ધંધામાં લાભ થાય. વિવાદ ટાળવો. આવક વધે.

**વૃષભ (બ,વ,ઉ,):** અપેક્ષિત કામમાં વિલંબ થાય. બહારના કામનો બોજ વધે. ઘરમાં અશાંત વાતાવરણ રહે.

**મિથુન (ક,છ,ઘ,):** મિત્રોની મદદથી નવાં કામ થાય. દલાલીની આવક વધે. બીજાને મદદ કરતા વિચારવું.

**કર્ક (ડ,હ,):** આર્થિક બાબતે ઉતાવળ કરવી નહીં. ઘરમાં તાલમેળ રાખવો. વારસાના કામમાં વિઘ્નો આવે.

**કન્યા (પ,ઠ,ણ,):** વિદેશના કામમાં ગતિ આવે. સામાજિક કામથી શાંતિ મળે. પોલીસ લફરાથી બચવું.

**સિંહ (મ,ટ,):** લેવડ-દેવડમાં ઉતાવળ ભારે પડે. પ્રવાસમાં સાવધાન રહેવું. ખર્ચા વધે. આરોગ્ય નરમ રહે.

**તુલા (ર,ત,):** મિત્રો સાથે મનોરંજન થાય. પ્રેમમાં ગેરસમજ થાય. શેરબજારના કામમાં ધીરજ.

**વૃશ્ચિક (ન,ય,):** નોકરીમાં નવી જવાબદારી વધશે. સમાજમાં અશાંતિ વધે. બહારના કામમાં પ્રગતિ થાય.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** ધાર્મિક અનુષ્ઠાનમાં ભાગ લેવાનું બનશે. કાયદા બાબતે પ્રતિકૂળતા રહે. આવક વધશે.

**મકર (ખ,જ,):** આરોગ્યના ખર્ચા વધશે. અચાનક અણગમતા સમાચાર મળે. પડવા-વાગવાથી સાવધાન.

**કુંભ (ગ,સ,શ,ષ,):** નોકરીમાં નવીતક મળે. સમાજમાં અશાંતિ સતાવે. કોર્ટ-કચેરીમાં વિઘ્નો આવે.

**મીન (દ,ચ,ઝ,થ,):** આંખની કાળજી રાખવી માતાના આરોગ્યની ચિંતા સતાવે. નોકરીમાં મદદ મળે.

### કોઇ પણ સાલમાં 14 નવેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય ઉતારચડાવ અને નવા ફેરફાર તથા જવાબદારી વધારનાર રહેશે. નોકરી-ધંધા-વ્યવસાયમાં ટેકનોલોજીનો લાભ મળે. નવા કામકાજમાં હરીફો વધશે. સમાજ અને પરિવારની અપેક્ષાઓ અશાંતિ અને પરિશ્રમ વધારે. ઉમરલાયકના વિવાહ થાય. વિદેશનાં કામ ધીમાં પડે. આરોગ્ય સામાન્ય રહે. ઉઘરાણી આવે. નવાં રોકાણ થાય. નવાં ઘર, વાહન, સંતાન અને સામાજિક કામમાં મદદરૂપ બને. વારસા, જાયદાદ, જમીનના કામમાં વિઘ્નો આવે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં સામાન્ય રહે. વિદ્યાર્થીઓને મહેનતનું ફળ મળે. યાત્રા-પ્રવાસ ધર્મ-કર્મથી શાંતિ મળે. મે-જૂન તથા ઓગસ્ટ સપ્ટેમ્બરમાં ભાગ્યના સાથનો અનુભવ થાય. જૂન-જુલાઈમાં સંતાનો માટે સમય કાઢવો પડશે.

## શબ્દગુંફન - ૭૦૯૪

અરવિંદ એસ. મારૂ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | | ૫ | | ૬ |
| ■ | | ■ | ૭ | | | ■ | | ■ | |
| ૮ | | ૯ | | ■ | ૧૦ | | ■ | ૧૧ | |
| | ■ | | ■ | ૧૨ | | ■ | ૧૩ | | ■ |
| ■ | ૧૪ | | ૧૫ | | ■ | ૧૬ | | | ૧૭ |
| ૧૮ | | ■ | | ■ | ૧૯ | | | ■ | |
| ■ | ૨૦ | ૨૧ | ■ | ૨૨ | | | ■ | ૨૩ | |
| ■ | ૨૪ | | | | | ■ | ૨૫ | | ■ |
| ૨૬ | | | ■ | ૨૭ | | ૨૮ | ■ | ૨૯ | ૩૦ |
| | ■ | ૩૧ | | ■ | ૩૨ | | | ■ | |

**આડી ચાવી**

૧. ટોળું (૪)
૪. નાખુશી (૫)
૭. મૂલ્ય, દામ (૩)
૮. તળીને બનાવેલી મિઠાઇ (૪)
૧૦. નકામું, બાદ કરેલું (૨)
૧૧. શરીર (૨)
૧૨. આદમી (૨)
૧૩. જંગલ (૨)
૧૪. બારી (૪)
૧૬. પગપાળો પ્રવાસ (૪)
૧૮. દોલત (૨)
૧૯. આંખની કીકી (૩)
૨૦. પતિ (૨)
૨૨. માવજત (૩)
૨૩. લીન (૨)
૨૪. ઘોડેસવાર પલટણ (૩)
૨૫. પવિત્ર સ્થળ (૨)
૨૬. સિંહની ગર્જના (૩)
૨૭. ઝીણી ધૂળ (૩)
૨૯. ટેવ, વ્યસન (૨)
૩૧. ઠંડુ, ટાઢુ (૨)
૩૨. ચાંપતી ઉઘરાણી (૩)

**ઊભી ચાવી**

૨. છાપનાર (૩)
૩. વિશ્વાસ(૩)
૪. કાગળ વગેરેનાં નાનાં ટુકડા (૪)
૫. કેફ, ખુમારી (૨)
૬. જિંદગી, જન્મારો (૩)
૮. વર (૨)
૯. કથા કહાણી (૩)
૧૧. પુત્રી (૩)
૧૨. આદમી (૨)
૧૩. મુખ, ચહેરો (૩)
૧૪. પૃથ્વીને વીંટળાઈ રહેલું વાયુનું આવરણ (૫)
૧૫. મૃત્યુના દેવ (૨)
૧૬. પડતી, અધોગતિ (૩)
૧૭. અજાણ્યું, તટસ્થ (૩)
૧૯. એક વનસ્પતિ (૫)
૨૧. ખેંચાખેંચી (૪)
૨૩. પાસા ફેંકીને ભવિષ્ય જોવાની વિદ્યા (૩)
૨૬. બીક(૨)
૨૮. નિંદા, વગોવણી (૨)
૩૦. તપસ્યા (૨)

(શબ્દગુંફન ઉકેલ — ઊંધું છાપેલું) [illegible]

# 12 ડિગ્રી તાપમાનથી રાજ્યમાં, દાહોદ ઠંડુગાર

**ઠંડીનો** ચમકારો યથાવત રહેશેઃ હવામાન વિભાગ



ગાંધીનગરઃ ઉત્તર-પૂર્વીયથી પૂર્વીય પવનના કારણે ગુજરાતમાં ઠંડીનો જોરદાર ચમકારો જોવા મળી રહ્યો છે. રાજ્યમાં છેલ્લા એક સપ્તાહથી ઠંડી વધી જવા પામી છે. આજે સતત ત્રીજા દિવસે રાજ્યમાં પૂર્વીય દાહોદમાં ઠંડીનો ચમકારો યથાવત રહ્યો હતો. જેમાં ખાસ કરીને દાહોદમાં સતત 12 ડિગ્રી ઠંડી નોંધાવવા પામી છે. અમદાવાદ- ગાંધીનગરમાં પણ બપોરે આકાશ સ્વચ્છ રહેવા સાથે ગરમી અને સમી સાંજથી સવારે 9 વાગ્યા સુધી ઠંડીનો માહોલ જોવા મળી રહ્યો છે. ઠંડીનો ચમકારો યથાવત રહેશે, તેમ હવામાન વિભાગના સૂત્રોએ કહ્યું હતું. હવામાન વિભાગના સૂત્રોએ કહ્યું હતું કે ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છમાં ઠંડીની અસર વધુ વર્તાઈ રહી છે. આજે રાજ્યમાં ગરમીનો પારો 30થી 33 ડિ.સે.ની આસપાસ રહેવા પામ્યો હતો. જ્યારે રાજ્યના અન્ય શહેરો પૈકી ભૂજમાં 18 ડિ.સે., નલિયામાં 16 ડિ.સે., કંડલા પોર્ટ પર 19 ડિ.સે., કંડલા એરપોર્ટ પર 16 ડિ.સે., અમરેલીમાં 13 ડિ.સે., ભાવનગરમાં 16 ડિ.સે., રાજકોટમાં 15 ડિ.સે., સુરેન્દ્રનગરમાં 17 ડિ.સે., મહુવામાં 15 ડિ.સે., અમદાવાદમાં 15 ડિ.સે., ડીસામાં 17 ડિ.સે., ગાંધીનગરમાં 15 ડિ.સે., વલ્લભ વિદ્યાનગરમાં 18 ડિ.સે., વડોદરામાં 16 ડિ.સે. અને સુરતમાં 17 ડિ.સે. લઘુત્તમ તાપમાન નોંધાયું છે.

# શ્રી સોમનાથ મંદિરના ૭૯મા સંકલ્પ દિવસ નિમિત્તે ભક્તિમય ઉજવણી

**1947માં** સરદાર વલ્લભભાઈ પટેલે સમુદ્રનું જળ હાથમાં લઇને મંદિરના જીર્ણોદ્ધારનો સંકલ્પ કર્યો હતો

ગાંધીનગરઃ સરદાર વલ્લભભાઈ પટેલે ૧૩ નવેમ્બર ૧૯૪૭ના રોજ સોમનાથ મંદીરનાં પુનઃનિર્માણ માટે સમુદ્રનું જળ હાથમાં લઈને સોમનાથ મંદિરના જીર્ણોદ્ધાર માટે સંકલ્પ કર્યો હતો, આજે આ સંકલ્પને ૭૮ વર્ષ પૂર્ણ થયા છે. આ પ્રસંગે સાંજે મહાદેવને વિશેષ સાયંશૃંગાર તથા દીપમાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

જુનાગઢને સ્વતંત્ર કરાવી સરદાર વલ્લભભાઈ પટેલ ૧૩ નવેમ્બર ૧૯૪૭ના રોજ સોમનાથ પહોંચ્યા, ત્યારે સોમનાથ મંદિરના જીર્ણ અવશેષો જોઈને સરદારનું હૃદય દ્રવી ઉઠ્યું, તેઓએ સોમનાથ મંદીરનાં પુનઃનિર્માણ માટે સમુદ્રનું જળ હાથમાં લઈને સોમનાથ મંદિરના જીર્ણોદ્ધાર માટે સંકલ્પ કર્યો હતો, જેને આજે ૭૮ વર્ષ પૂર્ણ થયા હતા. શ્રી સોમનાથ મંદિરના સંકલ્પ દિવસ નિમિત્તે સોમનાથ ટ્રસ્ટના ઈન. જનરલ મેનેજર સહિત ટ્રસ્ટ પરિવાર અને પુરોહિતો દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. તેમજ શ્રી સોમનાથ મહાદેવની મહાપૂજા માટે પવિત્ર દ્રવ્ય મહાદેવને અર્પણ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત સોમનાથ મહાદેવની મહાપૂજા કરવામાં આવી હતી.